વિવાદાસ્પદ હોર્ડિંગ - જાતિય સતામણી અંગેના વિવિધ કેસો અંગે જેલવાસ ભોગવી રહેલા આસારામ બાપુના સમર્થકો અને સાધકો હજુ સક્રિય છે. ૧૪મી ફેબ્રુઆરીએ વેલેન્ટાઈન ડે છે. પ્રેમના એકરારના આ દિવસે આસારામ બાપુના સાધકો માતૃ-પિતૃ પૂજન દિવસની ઉજવણી કરશે. જેલવાસી આસારામ બાપુની મસમોટી તસ્વીર સાથેના હોર્ડીંગ્સ શહેરમાં ઠેર ઠેર લગાવાતા આ હોર્ડીંગ્સ ચર્ચાનુ કેન્દ્ર બન્યા છે.

એક જ દિવસમાં ૮ ડિગ્રી પારો ગગડતાં ગાંધીનગર ઠંડુગાર

ઠંડીનો પારો ૧૬.૮ ડીગ્રીએથી નીચે સરકી સીધો ૭.૮ ડીગ્રી પહોંચી ગયો : ગઇકાલે સવારના વાતાવરણ પલ્ટા બાદ ગાંધીનગર ફરી એકવાર કાતિલ કોલ્ડવેવની ગિરફતમાં : કોરોનાના સંક્રમણ વચ્ચે ઠંડી પણ ઉગ્ર બનતા લગ્નસરાની સિઝન પ્રભાવિત

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં શિયાળાની મોસમ દરમિયાન વારંવાર વાતાવરણ પલ્ટાની અસર જોવા મળે છે. ગમે ત્યારે આકાશી નઝારો બદલાય છે જેના અંતે ઠંડીનો મિજાજ ઉગ્ર બને છે. ગઇકાલે પણ સવારે વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ જયારે એક જ રાતમાં ઠંડીનો પારો ૧૬. ૮ ડીગ્રીથી નીચે સરકી સીધો ૭.૮ ડીગ્રી સુધી નીચે આવી જતા શહેર ફરી એકવાર કાતિલ ઠંડીની ગિરફતમાં આવી ગયુ હતુ. ગઇકાલ અને આજના લઘુત્તમ તાપમાનમાં ૮ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો છે. ઠંડી ઉગ્ર બનતા નગરનુ જનજીવન કોલ્ડવેવની અસરથી પ્રભાવિત છે. જયારે

ઠંડીની સાથે શહેરમાં લગ્નસરાની મોસમ પણ નિખરી છે. કોરોના સંક્રમણથી પ્રભાવિત લગ્નસરાની સિઝનમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા લગ્ન મહોત્સવના આયોજકોની ચિંતા વધી છે.

ગાંધીનગરમાં આજે અચાનક જ કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જેના લીધે સમગ્ર શહેર ફરી એકવાર આક્રમક કોલ્ડવેવની ગિરફતમાં આવી ગયુ હતુ. ગત જાન્યુઆરી મહીનામાં ઠંડીનો પારો ૪.૩ ડીગ્રી સુધી નીચે ઉતરી જતા છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડી નોંધાઇ હતી. જયારે બે ચાર દિવસની રાહત બાદ વાતાવરણમાં ફરી એકવાર ઠંડીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. ગઇકાલે ઠંડીનો પારો ૧૬.૮ ડીગ્રીએ હતો જયારે એક જ રાતમાં મોસમનો મિજાજ તદન બદલાઇ ગયો છે. આજે લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રી ગગડીને સીધુ ૭.૮ ડીગ્રીએ આવી ગયુ હતુ જયારે મહત્તમ તાપમાન ગઇકાલની જેમ ૨૯ ડીગ્રી એ જ રહ્યુ હતુ. જેના લીધે સવારથી જ વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ૨૧ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. શિયાળાની મોસમમાં ઠંડી ગમે ત્યારે આકરી બની જાય છે. જયારે ઠંડીની મોસમમાં વારંવાર નાટયાત્મક વાતાવરણ પલ્ટાના લીધે આકાશમાં વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. ગઇકાલે પણ સવારે વાદળિયા વાતાવરણના વચ્ચે ઠંડીનુ જોર ઘટયુ હતુ પરંતુ મોસમના બદલાવના લીધે ઠંડી વધશે તેનો અણસાર આવી ગયો હતો. હવામાન તજજ્ઞોના મતે હજુ

● અનુસંધાન પાન-૭ પર

પેથાપુરમાં માળખાગત સુવિધાના બાકી કામો ઝડપથી પૂર્ણ કરવા સુચના

ગુડાના ચેરમેન અને મહાનગરપાલિકાના કમિશ્નર ધવલ પટેલે પેથાપુરની મુલાકાત લઇ સ્થળ નિરિક્ષણ કરી દબાણ અને રસ્તા ખોલવા માટે પણ અધિકારીઓને તાકીદ કરી : ગટર લાઇનના પાણીના નિકાલ માટે બાકી કામ પુર્ણ કરવા પણ સુચના આપી

ગાંધીનગર તા ૪

ગુડાના ચેરમેન અને મહાનગરપાલિકાના કમિશ્નરે આજે સવારે પેથાપુર વિસ્તારની મુલાકાત લીધી હતી આ દરમિયાન તેમણે ગટર લાઇનની પાણીના નિકાલની બાકી કામગીરી પુર્ણ કરવા માટે અધિકારીઓને સુચના આપી હતી. આ ઉપરાંત આ વિસ્તારમાં ટ્રાફિકને અડચણરૂપ થતા દબાણો દુર કરવા અને રસ્તા ખોલવાની કામગીરી હાથ ધરવા માટે પણ સુચના આપી હતી. સવારના સમયે કમિશ્નર અધિકારીઓની ટીમ સાથે વિસ્તારમાં રાઉન્ડ લેવા નિકળ્યા હતા.

ગુડાના ચેરમેન અને મ્યુનિ કમિશ્નરે આજે સવારે ગુડાના અધિકારીઓ સાથે પેથાપુરની મુલાકાત લીધી હતી આ દરમિયાન તેમણે સ્થળ નિરિક્ષણ કરીને માળખાગત સુવિધાના કામો ઝડપથી હાથ ધરવા માટે સુચના આપી હતી. જેમાં ગટર લાઇનના પાણીની નિકાલની લાઇનના બાકી કામ સહીત આ વિસ્તાર માટે તૈયાર કરાયેલી ટાઉન પ્લાનીંગ સ્કીમ માટે રસ્તા ખોલી આપવા

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં કેસમાં ધરખમ ઘટાડો : નવા ૬૦૯૭ કેસ

૧૨,૧૦૫ સાજા થયા, ૩૫ના મોત : રસીકરણના મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે

ગાંધીનગર, તા.૪

રાજ્યમાં કોરોનાના કેસ હવે તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં આજે કોરોનાના માત્ર ૬૦૯૭ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૧૨,૧૦૫ દર્દીઓ સાજા થયા. અત્યાર સુધીમાં કુલ ૧૧,૨૩,૪૯૯ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધીને ૯૪.૨૮ ટકાએ પહોંચ્યો છે. બીજી તરફ રસીકરણના મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે કુલ ૨,૩૪,૩૫૦ રસીના ડોઝ અપાયા હતા.

એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૫૭૫૨૧ કેસ છે. જે પૈકી ૨૪૮ વેન્ટીલેટર પર છે. ૫૭૨૭૩ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૧૨૩૪૯૯ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યાં છે. ૧૦૬૧૪ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૩૫ નાગરિકોનાં મોત થયા છે.

ડ્રાફ્ટ બજેટમાં આજે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં સુધારા-વધારા થશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક મળશે. વર્ષ-૨૦૨૨-૨૩ માટે કમિશનરે રજુ કરેલ ડ્રાફ્ટ બજેટ પર ચર્ચા-વિચારણાને અંતે સુધારાઓ બજેટમાં સુચવાશે અને પછી તે સામાન્ય સભાની મંજૂરી માટે મોકલવામાં આવશે.

મનપાની આજે મળનારી સ્થાયી સમિતિ બપોરે ૧૨ વાગે ચેરમેન જસવંતભાઈ પટેલની અધ્યક્ષતામાં સ્થાયી સમિતિના સભાખંડમાં મળશે.

મળતી વિગતો પ્રમાણે અંદાજપત્રમાં જે પુરાંત દર્શાવવામાં આવી છે તેમાં થોડોક ઘટાડો કરી અને કેટલાક મહત્વના સુધારાઓ આ બેઠકમાં સૂચવવામાં આવશે. સભ્યોને વિસ્તાર વિકાસ માટે અપાતી ગ્રાન્ટમાં થોડોક વધારો કરવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારમાં માલ ટ્રાન્સપોર્ટેશન વધે તે માટે નવા પીક-અપ સ્ટેન્ડ બનાવવા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં બસોના રૂટ શરૂ થાય તેના પર ભાર મુકવામાં આવશે.

નવા વિસ્તારો માટે જે પાણી અને ગટરના દરો સૂચવવામાં આવ્યા છે તેમાં ઘટાડો સ્થાયી સમિતિ કરી થોડીક રાહત લોકોને થાય તે જોશે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારને ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ સાથે જોડવા માટેની કામગીરીમાં ગતિ આવે તેના પર ભાર મુકવામાં આવશે.

સ્થાયી સમિતિ આવક વધારવા માટે ખુલ્લા પ્લોટો રંગમંચની જેમ લગ્ન કે સામાજિક પ્રસંગે ભાડે આપી આવક ઉભી કરવા માટે પણ વિચારી શકે છે. આ ઉપરાંત શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પાણી-ગટરની ફરિયાદોના નિવારણ માટે એક મોનીટરીંગ સેલ પણ બનાવે તેવા સંકેતો છે. ગાંધીનગર સ્થાયી સમિતિએ બજેટ અંગે લોકો પાસેથી સૂચનો માંગ્યા હતા અને ૪૮ જેટલા સૂચનો મળ્યા છે. તેમાંથી પણ કેટલાંક સૂચનો પર ચર્ચાઓ ચાલી રહી છે અને તે સમાવવા બાબતે પણ વિચારણા આ બેઠકમાં કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

શહેરમાં ૨૦૩ નવા કેસ નોંધાયા

૨૭૩ દર્દી સાજા થતાં ડિસ્ચાર્જ : રાયસણમાં આજે ૧ મહિનાની આયુથી લઈ ૧૦ વર્ષ સુધીના પાંચ બાળકો સંક્રમિત : શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાં ૨૦, કુડાસણમાં ૨૪, રાંદેસણમાં ૨૩, રાયસણમાં ૧૦, પાલજમાં ૧૯ અને પેથાપુરમાં ૯ કેસ નોંધાયા : શહેરમાં વીઆઈપી ગણાતા સે. ૧૯ માં આજે ૯, સૌથી વધુ વસ્તીનું ભારણ ધરાવતા સે. ૨૪ માં ૮ કેસ, સે. ૫ અને ૩૦ માં ૭-૭ કેસ તેમજ સે. ૩, ૪, ૧૪ માં ૫-૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા ૨૦૩ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૮૯૦૦ને પાર થઈ ગઈ છે.

શહેરમાં કોરોનાના કેસોમાં વધ-ઘટ રહેતી હોવાથી તંત્રની ચિંતા વધી છે. બે દિવસ બાદ શહેરમાં પણ કોરોનાના કેસોમાં ઘટાડો નોંધાયો છે. શહેરમાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૧૫ ટકાની આસપાસ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૮ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરમાં કોરોનાના દર્દીઓને હવે સારવાર માટે હોસ્પિટલાઈઝેશન કરવાની કામગીરી ધીમી ગતિએ શરૂ થઈ ગઈ છે.

શહેરમાં હવામાનમાં બદલાવ લગ્નસરાની મોસમ તેમજ માણસોની બેફિકરાઈને કારણે કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. લગ્નસરામાં સોશ્યલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોવાથી તેમજ હવામાનમાં સતત બદલાવ થઈ રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં સંક્રમણની ગતિ ત્રીજી લ્હેરમાં વધુ ઝડપ ધરાવતી જોવા મળી છે. અત્યાર સુધીમાં ૮૯૦૦ જેટલા કેસ નોંધાયા છે. જો કે માઈલ્ડ સિમટન્સ ધરાવતા દર્દીઓ વધુ નોંધાયા છે અને હોમ આઈસોલેશનમાં રહી સારવાર મેળવતા દર્દીઓમાં પણ વધારો થયો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૮૨ મહિલા દર્દીઓ છે. ૩૬ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે તો ૨૨ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે.

ત્રીજી લ્હેરમાં મહિલા દર્દીઓ, બાળદર્દીઓ તેમજ વયસ્કોમાં સંક્રમણ વધી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ લોકોને કોરોના સામે સતર્ક રહેવા તેમજ વેક્સિનેશન માટેની અપીલ કરતી રીક્ષાઓ પણ શહેરી વિસ્તારમાં ફરતી કરી દીધી છે.

શહેરમાં આજે ૧૨ દર્દી ૧૦ કે તેથી ઓછી આયુ ધરાવતા મળી આવ્યા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં બાળ દર્દીઓ વધુ મળી રહ્યા છે. શહેરમાં સમાવિષ્ટ રાયસણ ગામમાંથી જ આજે પાંચ દર્દીઓ મળી આવ્યા છે.

કુડાસણમાં ૩ વર્ષની દિકરી, ભાટમાં ૬ વર્ષની દિકરી, રાયસણમાં ૮ વર્ષનો દિકરો, સે. ૧૪ માં ૫ વર્ષની દિકરી, રાયસણમાં ૮ વર્ષનો દિકરો, રાયસણમાં ૧ વર્ષની દિકરી, રાયસણમાં ૩ વર્ષનો દિકરો, રાંદેસણમાં ૧૦ વર્ષની દિકરી, રાંદેસણમાં ૬ વર્ષનો દિકરો, સરગાસણમાં ૨ વર્ષનો દિકરો, કુડાસણમાં ૬ વર્ષનો દિકરો તેમજ રાયસણમાં ૧ મહિનાની આયુ ધરાવતી દિકરી સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવાની સઘન ઝુંબેશ ચાલી રહી હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાં ૨૦, કુડાસણમાં ૨૪, રાંદેસણમાં ૨૩, રાયસણમાં ૧૦, પાલજમાં ૧૯ અને પેથાપુરમાં ૯ કેસ નોંધાયા છે.

ભાટ, આઈઆઈટી, સુઘડમાં ૧-૧ કેસ તો કોબામાં પણ ૨ કેસ નોંધાયા છે. વાવોલમાં પાંચ કેસ નોંધાયા છે.

શહેરમાં વી.આઈ.પી. ગણાતા સે. ૧૯ માં આજે ૯, સૌથી વધુ વસ્તીનું ભારણ ધરાવતા સે. ૨૪ માં ૮ કેસ, સે. ૫ અને ૩૦ માં ૭-૭ કેસ તેમજ સે. ૩, ૪, ૧૪ માં ૫-૫ કેસ નોંધાયા છે.

સે. ૨, ૨૭, ૨૯ માં ૪-૪ કેસ તેમજ સે. ૬, ૭, ૨૨, ૨૩, ૨૫ માં ૩-૩ કેસ, સે. ૮, સે. ૧, સે. ૨૦ તેમજ સે. ૨૮ માં ૨-૨ કેસ નોંધાયા છે. સે. ૧૨, ૧૩, ૧૬,૧૭, ૨૧ માંથી કેસો આજે મળી આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૯૫ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં આજે ૨૭૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૧૯૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

સુરત મનપાના 'આપ'ના પાંચ કોર્પોરેટર ભાજપમાં જોડાયા

ગાંધીનગર, તા.૪

સુરતમાં આમ આદમી પાર્ટીમાં ભંગાણ થયું છે. આજે ગાંધીનગરમાં કમલમ ખાતે સુરત છછઁના ૫ કોર્પોરેટરોએ સત્તાવાર રીતે કેસરિયો ધારણ કર્યો હતો. ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા, પ્રશાંત કોરાટની ઉપસ્થિતિમાં પાંચેય કોર્પોરેટરો વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા.

આપના કોર્પોરેટરો વિપુલ મોવલિયા, ભાવનાબેન સોલંકી, જ્યોતિકાબેન લાઠિયા, મનિષાબેન કુકડિયા અને રૂતા દૂધાતરા ભાજપમાં જોડાયા છે. ગાંધીનગર કમલમ ખાતે આજે તમામ આપ નેતાઓને વિધિવત પક્ષમાં સામેલ કરવામાં આવ્યા હતા. પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ યુવા મોર્ચા પ્રમુખ ઋત્વિજ પટેલ પણ સામેલ થયા હતા. તેમણે આપના કોર્પોરેટરને ભાજપનો ખેસ પહેરાવી પક્ષમાં સ્વાગત કર્યું હતું. ભાજપમાં જોડાયેલા કોર્પોરેટર રૂતા દૂધાતરાએ કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ મારા પર અત્યાચાર કર્યો છે. આ અત્યાચાર કરનારા તમામ સામે ફરિયાદ કરીશ. બીજા કોર્પોરેટર ભાવના સોલંકીએ કહ્યું હતું કે, ચૂંટણી પહેલાં અમારામાં આમ આદમી પાર્ટી પ્રત્યે ઉત્સાહ હતો. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે પાર્ટી દલિત અને જી સમાજને પછાત ગણે છે. આ સમાજના કાર્યકરો સાથે ભેદભાવ ભર્યું વર્તન થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૫ કેસ : ૧૨૩ને ડિસ્ચાર્જ

ગાંધીનગર ૩૩, દહેગામ ૧૪, કલોલ ૧૫ અને માણસામાં ૧૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે દિવસ બાદ કોરોનાના નવા કેસોમાં ઘટાડો નોંધાયો છે. આજે નવા ૭૫ કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસો સાથે કોરોનાના કેસોની સંખ્યા ૪ હજારના આંકને પાર કરી ગયેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યામાં રહેતી વધ-ઘટના ટ્રેન્ડને લઈ તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે સારવાર દરમ્યાન એક દર્દીનું મોત થયુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે કોરોનાની ત્રીજી લ્હેરનો મૃત્યુઆંક ૭ પર પહોંચ્યો છે.

કલોલ તાલુકાના ધાનજ પી.એચ.સી. વિસ્તારમાં નોંધાયેલા આ દર્દી સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં દાખલ હતુ જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત થયુ છે. આ દર્દીને પેરાલિસીસ હતુ તેમજ હાયપર ટેન્શન પણ હતુ. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાની સારવાર દરમ્યાન જે દર્દીઓના મોત થયા છે તેમાં મોટા ભાગના દર્દીઓ કો-મોર્બિડ હતા અર્થાત કોરોના સિવાય અન્ય બિમારીથી પણ પિડાતા હતા.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૪, ગાંધીનગરમાં ૩૩, કલોલમાં ૧૫ અને માણસામાં ૧૩ કેસનો સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૭ મહિલા દર્દી, ૧૧ વિદ્યાર્થી, ૨ ખેડૂત, ૪ સરકારી કર્મચારીઓનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં ૮ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે જ્યારે ૧૬ દર્દી ૬૦ કે તેથી

● અનુસંધાન પાન-૭ પર

શહેરના સરકારી આવાસોમાં અનઅધિકૃત વસવાટ કરવાના ૧૫૫ કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરાશે

કોર્ટમાં અગાઉ વર્ષ ૨૦૧૪ થી ૧૮ દરમિયાનના ૨૦૦ કેસ હજુ પેન્ડીંગ : રહેણાંકને લાયક આવાસોના અભાવે કર્મચારીઓને આવાસ ફાળવવાનુ મુશ્કેલ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં રહેણાંકને લાયક સરકારી આવાસોની સંખ્યા ઓછી છે જયારે નવા આવાસોનુ નિર્માણ હાથ ધરવામાં આવ્યુ છે. પરંતુ જુના અને જર્જરિત મકાનો તોડવાની સાથે નવા આવાસો બાંધવા માટે હજુ જગ્યા આખરી થતી નથી આ દરમિયાન આવાસ ઇચ્છુક કર્મચારીઓને આવાસ ફાળવવાનુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજો હોવાના કીસ્સા પણ વધુ છે. શહેરમાં વિવિધ કક્ષાના ૧૫૫ જેટલા મકાનો અનઅધિકૃત કબજા હેઠળ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ મામલે તંત્ર દ્વારા ટુંકમાં જ કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી હાલ ૧૫૫ આવાસો અનઅધિકૃત કબજા હેઠળ છે. શહેરના સરકારી આવાસોમાં દાયકાઓથી બિન અધિકૃત કબજેદારોનો વસવાટ હોવાનુ સમયાંતરે ધ્યાને આવે છે. અગાઉ પણ સર્વે દરમિયાન સેકટરોના જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ નિવૃતિ અને અવસાનના કીસ્સા બાદ પણ કર્મચારીઓ આવાસ ખાલી ન કરતા હોવાની ફરિયાદો પણ વિશેષ ઉઠવા પામે છે. જયારે આ મામલે સરકારની આવાસ

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

મારા ધર્મપત્ની જયાબેન બળવંતરાય શુકલનું તા. ૩૦-૧-૨૨ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૬-૨-૨૦૨૨ને રવિવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન રાખેલ છે.

સ્થળ : સત્સંગ ચોક, લગ્નવાડી સામે, સેક્ટર-૨૩, ગાંધીનગર

લિ.
બળવંતરાય જે. શુકલ
(નિવૃત્ત આચાર્ય, સરકારી પ્રાથમિક શાળા, સે.૨૮)
મુકેશ બી. શુકલ (પુત્ર) અગ્રણી, સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર મો. ૯૦૧૬૮ ૧૨૨૯૨
પંકજ બી. શુકલ (પુત્ર) પૂ.પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર મો. ૯૪૨૮૦ ૪૯૪૪૮
નીલાબેન મુકેશ શુકલ પૂ. કોર્પોરેટર, ગાંધીનગર મહાપાલિકા
સ્વ. સોનલ પંકજ શુકલ પૂર્વ ડિરે., દૂધ વા. સહકારી મંડળી
વિધિ ત્રિવેદી (પૌત્રી) - પ્રિયાંક ત્રિવેદી (જમાઈ)
માનસી શુકલ (પૌત્રી) - ભાર્ગવ શુકલ (પૌત્ર)
સ્વ. જેઠાલાલ ત્રિભોવનદાસ શુકલ સમસ્ત પરિવાર (કોલવડા)
પિયરપક્ષ
સ્વ. નવીનચંદ્ર જાની – મુકુન્દકુમાર યાત્રિક (ગેરીતા – કોલવડા)

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com